જુ થયા તારીખ – 15/04/2023
રેજીસ્ટરે લીધા તારીખ – 15/04/2023
ફેસલ કર્યા તારીખ –31/07/2023
અવધી – ... વર્ષ.... માસ.... દિવસ

**સાગબારા ના જ્યુડી મેજી ( ફ.ક) સાહેબ ની કોર્ટ મા**

ફોજદારી કેસ નં. 429/2023

આંક–૭

ફરિયાદી – શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી – લલીતાબે સુરપસીંગભાઈ વસાવા

**ગુન્હો – પ્રોહી અૅક્ટ ની કલમ ૬૫ ઈ**

**– ચુકાદો –**

૧. ફરિયાદપક્ષ ના કેસ ની ટુકી હકીકત અેવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ ૬૫ ઈ મુજબ ના શિક્ષા ને પાત્ર ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા અંગે પોલીસ દ્ધારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવા મા આવી છે.

૨. ચાર્જશીટ સાથે રજુ એફ.આઈ.આર, પંચનામાં, નીવેદનો જોતા આરોપી પાસેથી ૨૦ લીટર કરતા ઓછો દારૂ મળી આવેલ હોય પ્રોહી એકટ કલમ ૬૫ ઈ નો ચાર્જફ્રેમ થઈ શકે નહીં જેથી આંક–૧ લગત હુકમ કરી પ્રોહી એકટ કલમ ૬૫ એ.એ. નો ચાર્જ ફ્રેમ કરવામાં આવેલ છે અને કેસ પ્રોહી એકટ કલમ ૬૫ એ.એ. ના ગુના લગત આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપી કોર્ટ રુબરુ હાજર થતા તેઅો ને પોલીસ પેપર્સ ની નકલ મફત આપ્યા ની ખાત્રી કરેલ છે.

૪. આરોપી વિરુધ્ધ ચાર્જ ફ્રેમ કરી/પ્લી રેકર્ડ કરતા ગુન્હો કબુલ હોવા નુ જણાવે છે અને ગુના ની કબુલાત પુરશીસ આપી તેઅો નો પ્રથમ ગુનો હોવા નુ તથા ગરીબ બાલ બચ્ચા વાળા માણસ હોવાનુ જણાવે છે અને ભવિષ્ય મા આવી કે આવા પ્રકાર નો ગુનો ન કરવા ની કોર્ટ ને બાહેદરી અને ખાતરી આપે છે. આરોપી ને સજા અંગે ની જોગવાઇઅો ની સમજ આપવા મા આવેલ છે.

ત્યારે બાદ પણ આરોપી સદર ગુનો કુબલ કરતા હોય આરોપી ની કબુલાત સ્વેછીક જણાય છે. ઉપરાંત કેસ ના સંજોગો ધ્યાને લેતા તથા પ્રોહી અેક્ટ ની કલમ ૬૫(અેઅે) ધ્યાને લેતા તેમજ સજા ની જોગવાઈ અંગે ના નામદાર ગુજરાત હાઈકોર્ટ ના સ્ટેટ અોફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી (2005 GLR 709) ના કેસ મા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા આરોપી ને અોછી સજા કરવી ન્યયોચિત જણાય છે તેથી તમામ સંજોગો દયાને લેતા ન્યાય ના હિત મા નીચે મુજબ હુકમ કરવા મા આવે છે.

**હુકમ**

- આ કામ ના આરોપી ને ક્રિ. કોડ ની કલમ ૨૪૧(૧) મુજબ ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ ૬૫ (અે અે) ના ગુન્હા મા તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધી ની સજા તથા રુ. 500/- ( રુપિયા પાંચસો પુરા ) નો દંડ અને દંડ ની રકમ ન ભરે તો દિન ૧૦ ની સાદી કેદ ની સજા ફરમાવવા મા આવે છે.
- પ્રોહી મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવા નો હુકમ કરવા મા આવે છે.
- આરોપી ના જામીન ૬ માસ સુધૂ ચાલુ રાખવા નો હુકમ કરવા મા આવે છે.

તા.31-7-2023

સાગબારા

( અેલ આઈ ઈંગલે)

જ્યુડી મેજી. ફ.ક.

સાગબારા